

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નિમિત્ત સંસ્થાપક પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માબાબાની ૪૫મી પુણ્યતિથી નિમિત્તે વિશ્વના ૧૩૭ દેશોમાં આવેલ ૯૦૦૦ સેવા કેન્દ્રો પર ૯ લાખ જેટલા બ્રહ્માવત્સોએ ૧૮મી જાન્યુઆરીને વિશ્વ શાંતિ માટે અખંડ તપસ્યા દિવસ તરીકે મનાવવામાં આવ્યો હતો. જેના અનુસંધાને ગાંધીનગરના સે. ૨-સીમાં ચિલોડા અને ઉર્જાનગર-૧ ખાતે આવેલ સેવા કેન્દ્રોમાં પણ હજારો બ્રહ્માવત્સોએ આ દિવસને અલૌકિક દિવસ તરીકે મનાવી સમગ્ર વિશ્વમાં શાંતિ અને શક્તિનો સંદેશો ફેલાવ્યો હતો.

# સેકટરોની પોષ્ટ ઓફિસોમાં ચલણ ન સ્વિકારાતા અરજદારોમાં આક્રોશ !

## તલાટીની પરીક્ષા સંદર્ભે ચલણ ભરવા મુખ્ય પોષ્ટ ઓફિસમાં ભીડ : ગેસ અને ફોન બીલ ભરવાના મામલે પણ અરજદારોને ધક્કા !

ગાંધીનગર, તા.૧૮

સેકટરોમાં સ્થિત પોષ્ટ ઓફિસોની શાખાઓમાં તલાટીની ભરતીની ઓનલાઈન અરજીઓ સંદર્ભે ચલણ ન સ્વીકારાતા શહેરની મુખ્ય પોષ્ટ ઓફિસમાં અરજદારોનો ધસારો જોવા મળે છે. અરજીઓ સંદર્ભેના ચલણ ઉપરાંત ગેસ અને ટેલીફોન બીલ સ્વીકારવાના મામલે પણ નન્નો ભણી દેવાતા આમ નાગરિકોએ પારાવાર હાલાકી ભોગવવી પડે છે.

તલાટીની ભરતી પ્રક્રિયા સંદર્ભે ફોર્મ ભરવાની મુદત ટૂંકાવવામાં આવી છે. જયારે પોષ્ટ ઓફિસમાં ચલણ ભરવાની પ્રથા અમલી બનાવાઈ છે. આવા સંજોગોમાં અરજદારએ આમ પણ હાલાકી ભોગવવી પડે છે ત્યારે સેકટરોમાં સ્થિત પોષ્ટ કચેરીઓમાં તલાટીની ભરતી પ્રક્રિયા માટે અરજદારોના ચલણ સ્વીકારવાની ના પાડી દેવાતા શહેરની મુખ્ય પોષ્ટ કચેરીમાં અરજદારોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. સેકટરોમાં સ્થિત પોષ્ટ ઓફિસની બ્રાન્ચ કચેરીઓમાં આડા દિવસે જી.એસ.પી.સી. અને ટેલીફોન બિલ ચુકવવા પહોંચતા નાગરિકોને પણ ધક્કા ખાવાનો વારો આવે છે.

સેકટરોની પોષ્ટ કચેરીઓમાં બિલના ચુકવણા માટે જતા નાગરિકોને ચોખ્ખી ના સુણાવી દેવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉદભવી છે. જેના પરિણામે મુખ્ય પોષ્ટ કચેરીમાં કાર્યભાર વધવાની સાથે નાગરિકોનો ધસારો થાય છે. હાલ તલાટીની પ્રકીયા સંદર્ભે અરજીના ચલણ ભરવાના મામલે પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે.

સેકટરોની પોષ્ટ કચેરીઓમાં ચલણ ભરવા જતા અરજદારોને મુખ્ય પોષ્ટ કચેરીમાં રવાના કરી દેવાય છે. આ મામલે સેકટરોની પ્રત્યેક પોષ્ટ ઓફિસમાં ચલણ તેમજ સંબંધિત સેવાના બીલની રકમ સ્વીકારવા મુખ્ય પોષ્ટ કચેરી કક્ષાએથી પણ જરુરી સૂચના આપવામાં આવી છે.

## જીવ કલ્યાણની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૮

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સભા પ્રા. રવિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને તા. ૧૯ જાન્યુઆરી, રવિવાર સાંજે ૫.૦૦ કલાકે પંચદેવ મંદિરના યજ્ઞ સભા મંડપમાં મળશે. જેમાં સંસ્થાના તમામ સભ્યોએ હાજર રહેવા જણાવ્યું છે.



**મેથડોલોજી કોન્ફરન્સ :** કડી કેમ્પસ ખાતે ગુજરાત યુનિવર્સિટી ઈકોનોમિકસ ટીચર્સ એસોસિએશન અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે ૧૩મી રાજયકક્ષાની વાર્ષિક કોન્ફરન્સ આજ રોજ શનિવારે રીસર્ચ મેથડસ અને મેથડોલોજી વિષય પર યોજવામાં આવી હતી.

## ગુજરાતના કલાકારોને લલિતકલા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ચિત્રકલા, શિલ્પકલા અને છબીલકલા ક્ષેત્રે વિશિષ્ઠ પ્રદાન કરનાર ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવશે.

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ના લલિતકલા ગૌરવ પુરસ્કાર આપવામાં આવશે. જેમાં કલાકારને ૫૧૦૦૦ રૂ. રોકડ અને તામ્રપત્ર આપવામાં આવશે. જેમાં લલિતકલા અકાદમીના પુરસ્કૃત કલાકારો, ભૂતપૂર્વ સભ્યો, અધ્યક્ષો, ધારાસભ્યો, સંસદસભ્યો, યુનિ.ના કુલપતિઓ અને કલાકાર અરજી કરી શકશે.

પુરસ્કાર મેળવવા પ્રદાનને સમર્થન આપતી કલાકારને પોતાના જીવન અને કવનની સંપૂર્ણ વિગતો કોરા કાગળ પર લખી તા. ૧૦ ફેબ્રુઆરી સુધી સચિવ, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર રાવળ કલાભવન લો ગાર્ડન એલિસબ્રિજ અમદાવાદ ખાતે મોકલી આપવાની રહેશે.

## નાયી સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

મોટી છાસઠ જૂથ નાયી સમાજ, કલોલનો ૨૧મો સમુહ લગ્નોત્સવ તા. ૨૫ જાન્યુઆરી, શનિવારના રોજ ગંગાબા ફાર્મ લયકામણ ખાતે યોજાશે.

નાયી સમાજના ૨૧મા સમુહ લગ્નોત્સવમાં ૨૧ નવયુગલો નૂતન જીવનની કેડીએ રૂડા ડગ માડશે. જેમાં સમાજના વિષ્ણુભાઈ નાયી, રમણભાઈ વાળંદ, જે.પી. નાયી, મફતભાઈ પારેખ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

# અંબાપુર રોડ પર સાયકલચાલક યુવાનનું છોટા હાથીની અડફેટે મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીક અંબાપુરથી કોબા સર્કલ જવાના માર્ગ પરથી નભોઈ ગામનો સાયકલ ચાલક યુવાન પસાર થઈ રહ્યો હતો તે દરમ્યાન છોટાહાથીના ડ્રાઈવરે સાયકલને અડફેટે લઈ લેતા સાયકલચાલક ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર દરમ્યાન સાયકલચાલક ઈજાગ્રસ્ત યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસે છોટાહાથીના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

નભોઈ ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન મનજી ભુપતજી ઠાકોર આજે સાંજના અરસામાં ગાંધીનગર પાસેના કોબા સર્કલથી અંબાપુર જતા રસ્તા પરથી સાયકલ લઈને નીકળી રહ્યો હતો તે દરમ્યાન એક પુરપાટ ઝડપે નિકળેલા છોટાહાથીના ચાલકે સાયકલને જબરદસ્ત ટક્કર મારતા સાયકલ ચાલક ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા સાયકલચાલક યુવાન મનજી ઠાકોરને તેનો ભાણો નવીન ઠાકોર ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. જ્યાં સારવાર દરમ્યાન મનજી ઠાકોરનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. છોટાહાથી ચાલક સામે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ રૂ કરી છે.

## મહિલા પુરસ્કાર યોજના માટે અરજીની તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા.૧૮

સ્પોર્ટસ ઓથરીટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં વિવિધ રમતોની રાજયકક્ષાની સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા, એસ.એ.આઈ.દ્વારા આયોજીત મહિલા સ્પર્ધા તેમજ ગ્રામીણ સ્પર્ધામાં સિદ્ધિ મેળવેલ ખેલાડીઓ ઉપરાંત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજયનું પ્રતિનિધિત્વ કરેલ હોય તેવી સિદ્ધિ માટે મહિલા ખેલાડીઓને 'મહિલા પુરસ્કાર યોજના' જાહેર કરાઈ હતી. આ પુરસ્કાર યોજનાનું ફોર્મ અગાઉ થયેલ જાહેરાત મુજબ એક જ રમતમાં એક જ સિધ્ધિ માટે તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ સુધીમાં મોકલી આપવાનું હતું જેની તારીખ હવે લંબાવીને ૩૧મી જાન્યુઆરી ૨૦૧૪ કરવામાં આવેલ છે.

આ ફોર્મ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મારફતે સિનીયર કોચને મોકલી આપવાનું રહેશે. તેમજ ૨૦૧૨-૧૩ની અરજી મોકલાવેલ હોય તો ડુપ્લીકેશન ન થાય તેની કાળજી રાખવા તાકીદ કરાઈ છે! નિયત તારીખ પછી ફોર્મ સ્વીકારવાનું બંધ કરવામાં આવનાર છે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ગરીબો અને વંચિતોને ગરમ વસ્ત્રો તથા દવાઓનું વિતરણ કરાયું હતું.

## બીએસએનએલ લોક અદાલત યોજશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય જનતા માટે બીએસએનએલ દ્વારા ટેલિફોન અદાલત તા. ૨૩ જાન્યુઆરી બપોરે ૧૨-૦૦ કલાકે ટેલિફોન એકસચેન્જ સભારૂમ સે-૧૧ ખાતે યોજવામાં આવશે. જેની અરજી તા. ૨૨ જાન્યુઆરી સુધી સબ ડિવીઝનલ એન્જિનીયર ટેકનીકલ ટેલીફોન એકસચેન્જ સેકટર-૧૧ ખાતે આપવી તેમજ વધુ જાણકારી માટે ૦૭૯-૨૩૨૨૭૦૦૦ અથવા ૦૭૯-૨૩૨૨૨૪૦૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# સ્વૈચ્છિક નિવૃત્તી સમયે ૩૦૦ રજાનો રોકડમાં પગાર ચૂકવો : પાણી પુરવઠા મંડળ

ગાંધીનગર, તા. ૧૮

તાજેતરમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડ કર્મચારી મંડળ દ્વારા વર્ષ ૨૦૧૪નું વાર્ષિક કેલેન્ડર વિમોચન તેમજ સરકાર કક્ષાએ પડતર પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યના પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓ દ્વારા વર્ષ ૨૦૧૪નું વાર્ષિક કેલેન્ડરનું વિમોચન બોર્ડના અધ્યક્ષ ડૉ. રાજીવ ગુપ્તા સભ્ય સચિવ મહેશસિંઘ સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ મંડળના સરકાર કક્ષાએ પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રોજમદારોને છઠ્ઠી પગાર પંચ આપવુ, વર્ગ-૩, ૪ ના કર્મચારીને બઢતી આપવી, સ્વૈચ્છિક નિવૃત્તી સમયે ૩૦૦ રજાનો રોકડમાં પગાર આપવો તેમજ એસ.સી.સી. પાસ રોજમદારોને ક્લાર્કનું પગાર ધોરણ આપવુ જેવી ચર્ચા કરવામાં આવી હતી. આ અંગે અધિકારીઓએ મંડળના તમામ હોદેદારો કર્મચારીઓની ઉપસ્થિતિમાં ઉપરોક્ત તમામ પ્રશ્નોને ગંભીરતાથી લઈ સત્વરે ઉકેલ લાવવાની હૈયાધારમા આપવામાં આવી હતી.

## ચ-૦ સર્કલે ટ્રાફીક ડ્રાઈવ રાખી પોલીસે ૩૦ હજાર દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા ટ્રાફિક પોલીસ તથા સે. ૭ પોલીસ દ્વારા આજે સવારે ચ-૦ સર્કલ ખાતે ટ્રાફીક ડ્રાઈવ રાખવામાં આવી હતી.

આ ડ્રાઈવમાં લાયસન્સ વગર ફરતા ૧૧ ચાલકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ૪૬૯ વાહનચાલકોને હેલ્મેટ વગર ફરતા પકડીને તેમની પાસેથી રૂ, ૨૩,૪૫૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. સીટ બેલ્ટ વગરના ૭૨ કારચાલકોને રૂ. ૭૨૦૦નો દંડ ફટકારાયો હતો. ૨૮ કારમાંથી ડાર્કફિલ્મ પટ્ટી દૂર કરી ટ્રાફીક જન જાગૃતિની ૭૦૦ પત્રીકાઓ વહેંચવામાં આવી અને ૩૫૦ પીળી પટ્ટી લગાડી ૫૪૧ને પાવતી પકડાવીને રૂ. ૩૦,૬૫૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.

## રાજપૂત સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૮

તાજેતરમાં ગુજરાત ટેકનીકલ



યુનિવર્સિટી દ્વારા 'પ્રેમની અમાવસ' નવલકથાના લેખક રાહુલસિંહ ચૌહાણને માસ્ટર ઓફ એન્જીનીયરીંગમાં બાયોમેડીકલ ક્ષેત્રે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ છે. જે બદલ ગાંધીનગર એન્જીનીયરીંગ કોલેજ અને રાજપૂત સમાજે હર્ષની લાગણી વ્યક્ત કરી છે.

# કુટિર ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે યોજનાઓમાં સુધારા-વધારા કરાશે

ગાંધીનગર, તા.૧૮

રાજયમાં કુટિર ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે રાજય સરકાર દ્વારા એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે. કુટિર ઉદ્યોગ ક્ષેત્રની હાથશાળ હસ્તકલા ચર્મોદ્યોગ વગેરે પ્રવૃત્તિ હેઠળ સંકળાયેલ કારીગરોના ઉત્થાન માટે રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. આ ક્ષેત્ર હેઠળના કારીગરોને રાજય સરકારની યોજનાઓ દ્વારા સહાય તાલીમ ધિરાણ વગેરે માટે યોજનાઓમાં જોગવાઈ કરવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા અમલીકૃત તમામ યોજનાઓનો વ્યાપ વધારીને રાજયના છેવાડાના કારીગર સુધી યોજનાઓનો લાભ મળી રહે તે હેતુને ધ્યાનમાં રાખી રાજય સરકારની યોજનાઓમાં યોગ્ય સુધારા વધારા કરવા નહી. યોજનાઓ બનાવવા માટે આ ક્ષેત્ર સાથે સંકળાયેલ તજજ્ઞો સાથે વિચાર વિમર્શ કરી તેઓના સૂચનો મેળવવા માટે સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.

રાજયના કુટિર ઉદ્યોગ મંત્રીના અધ્યક્ષ પદે રચાયેલી સલાહકાર સમિતિમાં કુટીર ઉદ્યોગ રાજયમંત્રીનો ઉપાધ્યક્ષ તરીકે તેમજ સહ ઉપાધ્યક્ષ તરીકે કુટિર ઉદ્યોગ સચિવનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત આ સમિતિમાં આ ક્ષેત્ર સાથે સંકળાયેલ બિન સરકારી તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરોના ઉત્થાન માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા રાજયમાં અમલીકૃત યોજનાઓનો વ્યાપ વધારવા માટે માર્ગદર્શક સુચનો કરવાના રહેશે. આ કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરોના ઉત્થાન માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા રાજયમાં અમલીકૃત યોજનાઓમાં સુધારા વધારા કરવા માટે સૂચનો કરવાના રહેશે. કારીગરોના ઉત્થાન માટે નવીન યોજનાઓના ઘડતરમાં મદદરૂપ થવું કારીગરોને તેઓની કામગીરી કરવામાં પડતી મુશ્કેલીઓથી સરકારને વાકેફ કરવી, ગરવી ગુર્જરીની કામગીરીની સમીક્ષા કરવી અને તેને વધુ સક્ષમ બનાવવા માટે માર્ગદર્શક સૂચનો કરવાના રહેશે. રાજયમાં અને રાજય બહાર પ્રદર્શનો મેળા યોજવા અંગે માર્ગદર્શન પુરું પાડવું સહીતની કામગીરી પણ આ સલાહકાર સમિતિએ કરવાની રહેશે.

આ સલાહકાર કમિટીનો કાર્યકાળ એક વર્ષનો રહેશે. અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષના અધ્યક્ષ સ્થાને સમિતિની બેઠકની કાર્યવાહી કરવાની રહેશે. કમિટીના સભ્યોની નિમણુંક અને ફેરફાર દર વર્ષે કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા કુટીર ઉદ્યોગ મંત્રીની મંજુરી મેળવ્યા બાદ કરવાની રહેશે. કમિટીની બેઠક દર ત્રણ માસે એકવાર યોજવાની રહેશે અને જરુર જણાયે આ બેઠક બોલાવી શકાશે.

## રસોઈ બનાવતા દાઝી જતાં ૧૬ વર્ષની કિશોરીનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પાસે સ્થિત કોલવડા ગામની સીમમાં ઈંટોના ભઠ્ઠા પર મજુરી કામ કરીને અને ત્યાં જ રહેતી ૧૬ વર્ષની કિશોરી પીન્કી રંગદે સાનડે ગઈકાલે સાંજે પાંચક વાગ્યે રસોઈ બનાવી રહી હતી. તે દરમ્યાન જાળ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી. તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પરંતુ હાલત ખુબ જ ગંભીર જણાતા અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવી હતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પિન્કીનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬

સૂર્યાસ્ત : ૬.૧૨

## તાપમાન

મહત્તમ : ૨૫.૦૮ ડિ.સે.

લઘુત્તમ : ૦૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫

શોલે -૩ડી : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫

કરલે પ્યાર કરલે : ૭.૧૫

: સ્ક્રીન-૩ :

દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫

: સ્ક્રીન-૪ :

કરલે પ્યાર કરલે : ૯.૩૫

મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦

ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :

કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

યારીયા : ૩.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫

શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫

વીરમ (તમિલ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦

યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૬ :

યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦

ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

યારીયા : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

કરલે પ્યાર કરલે : ૧૧.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૧૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ધ લીજન્ડ ઓફ હરકયુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦

હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦

કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સાંસ્કૃતિક

- આરંગેત્રમ કુ. સ્નેહલ પટેલ બપોરે ૧.૦૦ કલાકે કડી કેમ્પસ સેકટર-૨૩ ખાતે આવેલ ખેમજી વિસરામ હોલ ખાતે રજૂ કરશે.

## આપની આજ

**મેષ** : વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**વૃષભ** : સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

**મિથુન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : વ્યાપારિક ભાગીદારીમાં ચિંતન તથા પુનર્વિચાર કરવો યોગ્ય રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પંકજભાઈ બાબુભાઈ પટેલ (ઉ.વ. ૫૭) મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. મનીષાબેન ગમનભાઈ રબારી (ઉ.વ. ૨૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર